# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇટાલી સહિતના 5 દેશોની મુલાકાત બાદ નવી દિલ્હી પરત ફર્યા

2) કેન્દ્રીય શિક્ષણ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંબંધિત ખોટી માહિતીનો ફેલાવો અટકાવવા મેટા, ગુગલ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મના પ્રતિનિધિઓ સાથે બેઠક

3) પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લાની ફાલતા વિધાનસભા બેઠક પર આજે ફરીથી મતદાન શરૂ.

4) સાયપ્રસના રાષ્ટ્રપતિ, 4 દિવસની સત્તાવાર મુલાકાતે ભારત આવ્યાં

5) IPL ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઇડર્સે મુંબઈ ઇન્ડિયન્સને 4 વિકેટથી હરાવ્યું

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ITALY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશોના તેમના સત્તાવાર પ્રવાસના અંતિમ તબક્કા, ઇટાલીની મુલાકાત પૂર્ણ કરીને નવી દિલ્હી પરત ફર્યા છે. ગઈકાલે, ભારત અને ઇટાલીએ તેમના સંબંધોને ખાસ વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવાની જાહેરાત કરી હતી.

બંને દેશોએ કૃષિ, મહત્વપૂર્ણ ખનિજો, આયુર્વેદ, વિજ્ઞાન અને ટેકનોલોજી, દરિયાઇ પરિવહન અને બંદરોના ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા તેમજ ભારતીય નર્સોની ઇટાલીમાં મુસાફરીને સરળ બનાવવા સહિત અનેક ક્ષેત્રોમાં કરારો પર હસ્તાક્ષર કર્યા. સાંભળીએ પ્રધાનમંત્રીની મુલાકાતને આવરી લેતો અહેવાલ.

(BYTE: SUPRANA SEN ROM)

પ્રધાનમંત્રી મોદીએ રોમમાં ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે એક સંયુક્ત પ્રેસ નિવેદનમાં જણાવ્યું હતું કે, બંને પક્ષો "ભારત-ઇટાલી ઇનોવેશન સેન્ટર" સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છે.

(BYTE: PM MARITIME DEFENCE)

# EDUCATION MINISTER

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગઈકાલે મેટા, ગુગલ અને ટેલિગ્રામ સહિતના મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંબંધિત ખોટી માહિતીના વધતા ફેલાવા અંગે બેઠકમાં ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. 21 જૂને યોજાનારી NEET-UG 2026 પુનઃપરીક્ષા પહેલા આ બેઠકને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરીક્ષાઓ પહેલા ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ખૂબ જ સક્રિય થઈ જાય છે, જે નકલી પેપર લીકના દાવાઓ, ક્લિકબેટ સામગ્રી અને અપ્રમાણિત માહિતી ફેલાવે છે. આનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે ચિંતા અને મૂંઝવણ ઊભી થાય છે.

બીજી બેઠકમાં, શિક્ષણ મંત્રીએ આગામી NEET-UG પુનઃપરીક્ષાના સલામત, ન્યાયી અને સરળ સંચાલનને સુનિશ્ચિત કરવા માટે કડક દેખરેખ અને મજબૂત સુરક્ષા પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી પ્રધાને જણાવ્યું હતું કે ખોટી માહિતીને ઝડપથી રોકવા અને પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા જાળવવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે શિક્ષણ મંત્રાલય, રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી અને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે નજીકથી કામ કરવું જોઈએ.

# SITARAMAN- GOR

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં ભારત સ્થિત અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર સાથે મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે ભારત-અમેરિકા આર્થિક અને નાણાકીય ભાગીદારી, ભારત-અમેરિકા નાણાકીય ટેકનોલોજી સહયોગ, રોકાણની તકો અને દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી, એમ નાણા મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું. શ્રીમતી સીતારમણે શ્રી સર્જિયો ગોરને અમેરિકાના સ્વતંત્રતા દિવસની આગામી 250મી વર્ષગાંઠ પર અભિનંદન પણ પાઠવ્યા હતા.

# FALTA -RE-POLLING

પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લાની ફાલતા વિધાનસભા બેઠક પર આજે ફરીથી મતદાન થરૂ થયું. ફાલતા વિધાનસભા બેઠક પર ફરીથી મતદાન માટે બે અપક્ષ સહિત કુલ છ ઉમેદવારો મેદાનમાં છે. તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર જહાંગીર ખાને મંગળવારે જાહેરાત કરી હતી કે તેઓ ચૂંટણી નહીં લડે. જોકે, ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની અંતિમ તારીખ સમાપ્ત થઈ ગઈ છે, તેથી તેમનું નામ ઔપચારિક રીતે બેલેટ પેપર છે.

ભાજપના ઉમેદવાર દેવાંગશુ પાંડા છે. કોંગ્રેસે અબ્દુર રઝાક મોલ્લાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે સીપીઆઈએમએ શંભુનાથ કુર્મીને મેદાનમાં ઉતાર્યા છે.

# WB BSF

પશ્ચિમ બંગાળ સરકારે ભારત-બાંગ્લાદેશ સરહદ પર કાંટાળી તારની વાડ બનાવવા માટે સરહદ સુરક્ષા દળ (BSF) ને જમીન સોંપવાનું શરૂ કરી દીધું છે, જેનાથી લાંબા સમયથી ચાલી રહેલા મડાગાંઠનો અંત આવ્યો છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ગઇકાલે નબન્ના ખાતે BSF અધિકારીઓની હાજરીમાં આ પ્રક્રિયાનો ઔપચારિક પ્રારંભ કરાવ્યો હતો.

# SYPRUS –PRESIDENT

સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડુલિડ્સ, એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે, ગઈકાલે સાંજે ભારતની 4 દિવસની સત્તાવાર મુલાકાતે મુંબઈ પહોંચ્યા

સાયપ્રસના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીને આવતીકાલે મળશે. બંને નેતાઓ વેપાર, રોકાણ, ટેકનોલોજી, શિક્ષણ, સંસ્કૃતિ, પરિવહન, સંરક્ષણ અને સુરક્ષા, કૃત્રિમ બુદ્ધિ, ફિનટેક, નવીનતા અને સંશોધન જેવા વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## ONE NATION ONE ELECTION

**ગુજરાત સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના વિધેયકને સમર્થન આપ્યું. એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેની સંયુક્ત સંસદીય સમિતિએ ગઇકાલે બીજા દિવસે ગાંધીનગરમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા કરી.**

**આ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે સમિતિ સમક્ષ એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગેના ફાયદાઓ સમજાવતું વિગતવાર પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું.**

(BYTE: HARSH SANGHVI)

**આ દરમિયાન કોંગ્રસ સહિતના રાજકીય પક્ષોએ એક રાષ્ટ્ર એક ચૂંટણીનો વિરોધ કરીને પ્રતિભાવો સમિતિ સમક્ષ રજૂ કર્યાં હતાં.**

# REV DELHI VIA JALORE NEW TRAIN

ગુજરાતના કચ્છના સરહદી જિલ્લાને રાજસ્થાન અને રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સાથે જોડતી નવી રેલવે સેવા ટૂંક સમયમાં શરૂ થશે. પશ્ચિમ રેલવેએ નવી રેલવે સેવા શરૂ કરવાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આ શુક્રવારે લીલીઝંડી બતાવી ટ્રેનનું પ્રસ્થાન કરાવશે. પશ્ચિમ રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, આ ટ્રેન સવારે 11 વાગ્યે ભુજથી શરૂ થઈ રાજસ્થાનના ઝાલોર અને પાલીથી પસાર થઈ પછીના દિવસે લગભગ તે જ સમયે દિલ્હી પહોંચશે.

આ ટ્રેન શરૂ થવાથી કચ્છથી રાજસ્થાનના અનેક મુખ્ય શહેરોની સાથે સાથે રાષ્ટ્રીય પાટનગર સુધી ઉત્તમ રેલવે સંપર્ક પણ મળશે.

# ANTI-TERRORISM DAY

આજે દેશભરમાં આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ દિવસનો હેતુ યુવાનોને આતંકવાદ અને હિંસાથી દૂર રાખવાનો છે.

1991માં આ દિવસે પૂર્વ પ્રધાનમંત્રી  રાજીવ ગાંધી આતંકવાદી કાવતરાનો ભોગ બન્યા હતા.

# INTERNATIONAL TEA DAY

આજે આંતરરાષ્ટ્રીય ચા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ "ચાના જીવનશક્તિને ટકાવી રાખવી, સમુદાયોને ટેકો આપવો" છે.

ચાનું ઉત્પાદન અને પ્રક્રિયા લાખો પરિવારો માટે આજીવિકાનો મુખ્ય સ્ત્રોત છે. આ ઉજવણી ટકાઉ ચા ઉત્પાદન, વપરાશ અને વેપારને પ્રોત્સાહન આપે છે ચાની ઉત્પત્તિ પાંચ હજાર વર્ષથી વધુ જૂની છે, અને તે આજે પણ એક કરોડ ત્રીસ લાખ થી વધુ લોકોનું આજીવિકાનું માધ્યમ છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સ પહેલાથી જ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાન પર નજર રાખી રહી છે.

દરમિયાન ગઇકાલે કોલકાતા નાઈટ રાઈડર્સે મુંબઈ ઈન્ડિયન્સને ચાર વિકેટથી હરાવીને પ્લેઓફની આશા જીવંત રાખી હતી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોમાં ભારત અને ઈટાલી વચ્ચે થયેલા સમજૂતી કરારના સમાચારો વાંચવા મળી રહ્યા છે..
- સંદેશ સમાચારની હેડલાઈન છે ભારત- ઈટાલી વચ્ચે 15 સમજૂતી પર હસ્તાક્ષર...
- દિવ્ય ભાસ્કર લખે છે મેલોનીએ મોદીને હિન્દીમાં કહ્યું પરિશ્રમ એ જ સફળતાની ચાવી...
- મેલોની + મોદી = વેપારની મેલોડી @ 20 અબજ યુરો આ હેડલાઈન છે નવગુજરાત સમયની..
- ગુજરાત સમાચાર પ્રથમ પાંને લખે છે હીટવેવમાં શેકાતુ જનજીવન- વીજમાંગ ચરમસીમાએ..... મોદી – મેલોનીના ચોકલેટી વેપાર કરારો- ભારત આવવા આમંત્રણ...
- આ સાથે જ સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો સૌરાષ્ટ્રના અનેક તાલુકાઓમાં ડીઝલ માટે દોડધામ,,,,21 જૂને લેવાનારી પોલીસ ભરતની પરીક્ષા મોકૂફ,,,,, સાબરમતી-જોધપુર સુપરફાસ્ટ ટ્રેન હવે જેસલમેર સુધી લંબાવવાનો નિર્ણય...

-------------------------------------